સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

બમ્પ બનનારા નેતાઓ, ડમી થઈ જાય છે,
કહ્યાગરા સાહેબો આંખે અમી થઈ જાય છે,
નમી જાય છે પલ્લું સદાય સત્તાના પક્ષમાં -
અણગમતા મતદારો કમી થઈ જાય છે...

હાઈકુ

શોધે છે દેશો
પી.એમ.ની ઓફિસ
ખૂણે ખાંચરે...
(એરાઉન્ડ ધ વર્લ્ડ)

દેખાતા નથી
કોઈ ક્ષિતિજે પણ
સારા દિવસો...
(દાળ-ભાત-ટામેટાં?!)

ચિંતન

કાલ કરૈ સૌ આજ કર, સબહિ સાજ તુવ સાથ, કાલ કાલ તૂ કયા કરેં, કાલ કાલ કે હાથ

સૌરાષ્ટ્રમાં લોકોક્તિ છે કે, 'પથારી કરવામાં રાત પૂરી થાય તો સૂવું કેમ?'

સંગીતની મહેફિલ શરુ થતાં પહેલાં દરેક સાજિંદો પોતાના સાજને મઠારી સ્પંદનોને ચકાસી લે છે. આમાં ઘણી વખત ખૂબ લાંબો સમય વ્યતિત થાય છે. શ્રોતાઓ કંટાળી જાય છે.

સદ્કાર્ય ટાળવાની આપણી વૃત્તિને અડચણરુપ માનતા કબીરજી કહે છે કે, કોઈ કામ કાલ કરીશ એના બદલે આજ કરી જ લેવું તેવી ટેવ ઉપકારક છે. કાલ શબ્દના વિવિધ અર્થને ગૂંથી કબીરજી કહે છે કે, આવતીકાલ આપણા હાથમાં નથી.

મહાકાલરુપી સમય કોઈના બંધનમાં થોડો છે? ન જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું છે? તે ન્યાયે માણસે ફરજ બજાવવામાં વિલંબ ન કરવો જોઈએ. આધુનિક મેનેજમેન્ટમાં પણ સમયનું આયોજન અને ઉપયોગ એક મહત્ત્વનું પાસું છે.

સમયને આપણે કાલ, આજ, કાલ, મિનિટ, ઘડી, કલાક, અઠવાડિયું, માસ વર્ષ એમ માનીએ છીએ. કાળ તો અનંત છે પણ તેનો એવો અર્થ ન કરીએ કે સમાજમાં વિલંબ, પ્રમાદ અને કામચોરીને પ્રોત્સાહન મળે.

સુવિચાર

- જો સુખી માણસ સ્વાર્થી થાય તો સુખ પાછળા દરવાજેથી નીકળી જાય, સ્વાર્થી માણસ સુખી દેખાતો હોય છે.. સુખી હોતો નથી - **રઘુવીર ચૌધરી**
- ધીરજ ન હોય તો તમે એક પળમાં કશુંક એવું તોડી નાખો છો જેને સાંધતા વર્ષો વીતી જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- સહનની જો આવડત હોય, તો મુસીબતમાં ય રાહત છે, દિલ જો ભોગવી જાણે, તો દુઃખ પણ એક દોલત છે - **ધર્મલોક**
- એ સાચું કે સતત પ્રયત્નો થકી જ કોઈ પણ કામ શક્ય બને, પણ પ્રયત્નોની દિશા સાચી હોય તો જ એમાં સફળતા મળે - **અખંડ આનંદ**
- મુશ્કેલી એ માનવીના સિદ્ધાંતની કસોટી છે તેના વિના માણસને ભાગ્યે જ ખબર પડે છે કે પોતે ઈમાનદાર છે કે નહીં - **જીવનસૂત્ર**
- આપણે એક ચળવળ ઉપાડીએ... જેમાં રાગની ચળ ઉપડે અને દ્વેષ ના વળ ઉકલે - **જયંત પાઠક**

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

આજકાલતો લગ્નના બીજા મહિનાથી જ છૂટાછેડા માટેના કારણ-બહાનાં શોધવાની શરુઆત થઈ જાય છે. એનાં કારણમાં 'સ્વતંત્રતા' છે પત્ની જાયે કમાતી હોય છે. ભરણપોષણનો ડર નથી હોતો જયારે ભાઈને ખાવા-પીવાની ચિંતા રહી નથી. અને ચાલુ જમાનામાં બધું મળી રહે છે.

રામાયણમાં સેતૂબંધ વખતનો એક પ્રસંગ છે. રામે સમુદ્ર દેવને માર્ગ આપવા ત્રણ-ત્રણ દિવસ સુધી વિનંતીઓ-પ્રાર્થનાઓ કરી. સમુદ્ર દેવ કંઈ જ ધ્યાન ન આપ્યું.

ત્રીજે દિવસે ભગવાને અગ્યાસ્ત્ર બાણ ઉપાડ્યું અનેશ્રીલંકાની ખાડી સૂકવી નાખવા માટે હથિયાર ઉપાડ્યું. તરત જ સમુદ્ર દેવ હાજર થઈ ગયા અને 'રામસેતૂ' બનાવવાની રજા આપી.

ત્યારે તુલસીદાસજીએ આ ચોપાઈ લખી છે :

બિનય ન માનત જલધિ જડ, ગયે તીનો દિન બીતી ।
બોલે રામ સકોય તપ, ભય બીન હોત ન પ્રીતી ॥

રામજન્મભૂમિનો રાજકીય દુરુપયોગ ક્યાં સુધી?

તંત્રીસ્થાનેથી....

વિશ્વ હિન્દુ પરિષદ અને અશોક સિંઘલ પરસ્પર પર્યાયવાચી બની ગયા હતાં. અશોક સિંઘલના જીવનનું અંતિમ અને એક માત્ર લક્ષ્યબિંદુ રામ જન્મભૂમિ પર ભવ્ય મંદિર બંધાય એ જ હતું. રામ જન્મભૂમિ આંદોલનને ભારજના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સહિત ઘણા બધાએ દેશના સૌથી મોટા આંદોલન તરીકે બિરદાવ્યું છે એમાં આંશિય તથ્ય હોવાનું નકારી શકાય એમ નથી. જો કે આ એક ધાર્મિક આંદોલન હતું, જેની દૂરોગામી અસરો દેશના રાજકારણ પર પડી રહી હતી. મહાત્મા ગાંધીના નેતૃત્વ હેઠળ જે આઝાદીની ચળવળ ચાલી તેના પરિણામ સ્વરુપે દેશને આઝાદી સાંપડી, અંગ્રેજોને બિસ્તરાં પોટલાં લઈ વિદાય થવું પડ્યું. પરંતુ તે પછી સત્તારૂઢ થયેલી કોંગ્રેસને હટાવવા માટે કયારેક જયપ્રકાશના નેતૃત્વ હેઠળ ઈંદિરા વિરુદ્ધ બાકીના બધા - જેવું સમીકરણ માંડવું પડેલું અને એમાં પરસ્પર વિરોધી વિચારસરણી ધરાવતાં રાજકીય પરિબળોએ પણ હાથ મિલાવ્યા હતા. મોરારજી દેસાઈ જેવા સ્વચ્છ અને નીતિવાન વડાપ્રધાન દીવો લઈને શોધવા નીકળીએ તો પણ જડે કે કેમ તેમ સવાલ છે. પરંતુ સત્તાભૂખ્યાં 'બુઢિયાઓ' એ એમને ટકવા નહોતા દીધા. ઈંદિરા ગાંધી ફરી પાછાં સત્તા પર આવ્યા તે પછી મૃત્યુપર્યંત સત્તા પર રહ્યાં હતા. જે.પી.નું આંદોલન લોકશાહીનું પુરસ્કર્તા હતું. એ ઈંદિરા ગાંધીની ઈમર્જન્સીને કારણે લોકસ્વીકૃતિ સાંપડી હતી. એ પછીનું સૌથી મોટું આંદોલન નિશ્ચિત રીતે અશોક સિંઘખલ અને અડવાણી દ્વારા ચલાવાયેલ રામજન્મભૂમિ આંદોલન હતું. દેશમાં ફરી ફરીને સૂચિત રામમંદિર માટે ઈંટો ઉઘરાવાઈ હતી, જેનું શું થયું હશે તે અશોક સિંઘલ જાણે! પરંતુ આડવાણીની રથયાત્રા અને અશોક સિંઘલની ધર્મસભાઓએ દેશમાં હિંદુત્વનું મોજું જરુર સર્જ્યું હતું, એ કટ્ટર હિંદુત્વના મોજા પર સવાર થઈ નરમપંથી રાષ્ટ્રવાદના પુરસ્કર્તા અટલબિહારી વાજપેયીની સરકાર રચાઈ હતી. એની જ દૂરોગામી અસર હેઠળ નરેન્દ્ર મોદી ૨૦૦૨નાં રમખાણો પછી 'હિંદુ હૃદય સમ્રાટ'ની ઓળખ પામ્યા હતા. રામજન્મભૂમિ મંદિરનું નિર્માણ એ જ અશોક સિંઘલને સાચી શ્રદ્ધાંજલી ગણાશે એ મતલબના આરએસએસ વડાના નિવેદનમાં લેશમાત્ર અતિશયોક્તિ નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ઘટકો માટે અયોધ્યામાં રામ જન્મભૂમિ પર મંદિર બને તે સૌથી ટૉપ પ્રાયોરિટીનો મુદ્દો ત્યારે પણ હતો અને આજે પણ છે. મુશ્કેલી એ છે કે ભારતીય જનતા પાર્ટી અને મોદી સરકાર એના ગોપનીય એજંડા તરીકે ચૂંટણી ટાણે તો એનો ભરપૂર લાભ ઉઠાવે છે, પણ વિશ્વપટલ પર પોતાનો વિકાસમંત્ર જ રજૂ કરતી રહે છે. એથી બહુમતી હિંદુ મતદારને પોતે છેતરાઈ રહ્યો હોવાનો અહેસાસ પણ થાય છે. નરેન્દ્ર મોદી માટે રામ જન્મભૂમિ એ હૃદયનો અંશ છે, એને સાકાર મૂર્તિમંત કરવાની હિંમત તેઓ દાખવી શકે એમ નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ માટે અને વિશ્વહિંદુ પરિષદ માટે સંપૂર્ણ બહુમતી ધરાવતી ભારતીય જનતા પાર્ટીની સરકાર આ મુદ્દે ઠંડુ વલણ ધરાવે છે તે ન કહેવાય, ન સહેવાય અને ન રહેવાય - એવી વિચિત્ર વિડંબના છે. બિનસાંપ્રદાયિક પરિબળોને બંધારણ અને અદાલતોનું સમર્થન છે. વળી અમેરિકા અને યુરોપ જેવાં રાષ્ટ્રો તેમ જ યુએન જેવી સંસ્થા પણ આ મુદ્દે મોદી સરકારને સતત ઊંચા જીવે રાખી રહ્યાં છે. સિંઘલ એમનું અધૂરું સપનું મૂકીને અનંતની યાત્રાએ ઊપડી ગયા છે ત્યારે આ મુદ્દે અત્યાર લગી મૌન સેવતા સંઘ અને એની શાખાઓની ધીરજ ખૂટે એ સમજી શકાય એવું છે. શું આ મુદ્દો કાશ્મીરની જેમ સતત લટકતો જ રાખવાનો છે? દેશના સામાન્ય નાગરિકના મનમાં પણ રામજન્મભૂમિ મંદિરનો પ્રશ્ન સત્વરે ઉકેલાઈ જાય એવી ભાવના પડેલી છે. કારણ કે ભાજપ માટે રામ કદાચ ચૂંટણી જીતવાનું અમોઘ હથિયાર હોઈ શકે પરંતુ દેશની પ્રજા એના આ શાશ્વત મહાનાયકના નામનો દુરુપયોગ નથી ઈચ્છતી.

સંબંધમાં સમજણનો સેતુ એટલે કેર એન્ડ રિસ્પેક્ટ

ગુલમોર
દિનેશ દેસાઈ

અમેરિકામાં ૧૯મી સદીમાં થઈ ગયેલા જાણીતા લેખક, કવિ, વિચારક અને ઈતિહાસકાર હેનરી ડેવિડ થોરો (૧૮૧૭-૧૮૬૨)એ એક વાર કહ્યું હતું કે - પ્રેમના કારણે તમે એકમેકની નિકટ આવો છો, એટલું પર્યાપ્ત નથી.

પ્રેમ તો બે આત્માને જોડે છે. જો તમને એવી અનુભૂતિ ન થાય તો એ પ્રેમ જ નથી, ફક્ત પર્યાપ્ત બાહ્ય આકર્ષણ જ છે. શરીરના દેખાવનું આકર્ષણ તો શરીર ક્ષિણ થવા સાથે કદાચ ખતમ થઈ જાય પરંતુ આત્માનું ઐક્ય કદી ખતમ થતું નથી.

થોરોની ચિંતનાત્મક વાતો અને એક એક વાક્ય જાણે સોનેરી સુવાક્ય બની રહ્યા છે. ખરેખર બે વ્યક્તિ વચ્ચેનો પ્રેમ એટલે બે વ્યક્તિ વચ્ચેની નિકટતા. નિકટતા ત્યારે જ શકય બને કે જયારે સમજણનો સેતુ સરસ રીતે રચાયો હોય. પ્રેમની અનુભૂતિ એટલે માત્ર શારીરિક આકર્ષણ જ નહીં, બે આત્માની નિકટતાનો અહેસાસ એટલે પ્રેમની પરિપૂર્ણતા. સંબંધમાં સમજણ સાથે વિશ્વાસ અને આદર પણ જોડાયેલા છે.

દરેક સંબંધમાં સમજણનો સેતુ પ્રાણવાયુનું કામ કરે છે. સંબંધમાં સમજણનો સેતુ એટલે કેર એન્ડ રિસ્પેક્ટ. પરસ્પર વિશ્વાસ સાથે એકમેક પ્રત્યે સમજણ દરેક સંબંધને ઉષ્માપૂર્ણ બનાવી રાખે છે. પ્રેમ હોય કે કોઈ પણ સંબંધ હોય એમાં વ્યક્તિએ પરસ્પર (૧) વિશ્વાસ, (૨) કાળજી, (૩) સ્વતંત્રતા (સ્પેસ આપવી), (૪) આદર, (૫) સહાય, (૬) સુરક્ષા, (૭) પ્રેરણા અને (૮) પ્રત્યાયન મહત્વનાં છે.

> ઉષ્માપૂર્ણ સંબંધની પૂર્વશરત જ એ છે કે બેઉ વ્યક્તિ એકમેકની કાળજી રાખે, દરકાર રાખે, એક વ્યક્તિને કોઈ ચોટ પહોંચે અને બીજી વ્યક્તિ જાણે કોઈ અસર જ ના થઈ હોય તેવો વ્યવહાર કરે ત્યારે સંબંધની ઉષ્માનું બાષ્પીભવન થઈ જતું હોય છે

સંબંધમાં વિશ્વાસ ઓક્સિજન છે. એકમેક પ્રત્યે વિશ્વાસ રહે એ પ્રકારનો વ્યવહાર બેઉ વ્યક્તિ વચ્ચે હોય એ જરુરી છે. વ્યવહારમાં કોઈ ફેરફાર જણાય ત્યાં જ વ્યક્તિને શંકા કરવાનું મન થતું હોય છે. શંકાનો અર્થ જ અવિશ્વાસ. વળી જે વ્યક્તિએ પોતાના પ્રિયજન પ્રત્યે કરેલી કોઈ પણ પ્રકારની શંકા જયારે સાચી પડે છે, ત્યારે બે વચ્ચેના વિશ્વાસમાં તિરાડ પડી જાય છે.

ઉષ્માપૂર્ણ સંબંધની પૂર્વશરત જ એ છે કે બેઉ વ્યક્તિ એકમેકની કાળજી રાખે, દરકાર રાખે. એક વ્યક્તિને કોઈ ચોટ પહોંચે અને બીજી વ્યક્તિ જાણે કોઈ અસર જ ના થઈ હોય તેવો વ્યવહાર કરે ત્યારે સંબંધની ઉષ્માનું બાષ્પીભવન થઈ જતું હોય છે. એક વ્યક્તિ જયારે બીમાર પડે અને બીજી વ્યક્તિ એવો વ્યવહાર કરે કે તેની બીમારીથી પોતાને કોઈ ફેર પડતો નથી, તો એનો મતલબ ઉપેક્ષા છે. આવી ઉપેક્ષા સંબંધવિચ્છેદનું કારણ પણ બની શકે. પ્રેમ એટલે જ કાળજી અને દરકાર.

જયારે બે વ્યક્તિ જીવનના હર કદમ ઉપર હમસફર બને છે, એકમેકને પ્રેમ કરે છે, ચાહે છે, ત્યારે બે વ્યક્તિ આનંદના સહભાગી થવાના મનોમન કરાર કરી લેતા હોય છે. આ રીતે જોડાયેલી બે વ્યક્તિ કંઈ એકમેકની ગુલામી કરવાના દસ્તખત કરતી નથી. મૂળ વાત એટલી કે બે વ્યક્તિના સંબંધમાં પણ સ્વતંત્રતા હોવી જરુરી છે. ભલે એકમેક સાથે સ્નેહના તાંતણે જોડાયેલા રહ્યા હોય, આમ છતા એકમેકને તેનાં વ્યક્તિગત વ્યક્તિત્વ પ્રમાણે આદર અને સ્વતંત્રતા પણ આપવી રહી.

જયારે એકમેકને સ્પેસ આપવામાં આવતી નથી, ત્યાં જ મુસીબતોની શરુઆત થાય છે. એકમેકની સાવ જ પર્સનલ બાબતોમાં ડોકિયાં કરવાથી કોઈ ફાયદો થતો નથી, એમ જાણવા છતા જયારે એકમેકની જાસુસી કરવાની હદે પુછપરછ અને હિસાબ માગવાનો વ્યવહાર કરવાથી સામી વ્યક્તિ મુંઝવણ અને ગુંગળામણ પણ અનુભવે છે. આવા સંબંધની રેશમની નાજુક ડોર (દોર) પછી તૂટી જતી હોય છે.

સંબંધમાં પરસ્પર આદર પણ એટલું જ મહત્વ ધરાવે છે. સંબંધમાં અહમનો ટકરાવ થાય એટલે આદર આપવાના સ્થાને વ્યક્તિ આત્મકેન્દ્રી બનીને સામી વ્યક્તિને કાયમ નીચી દેખાડવાનો પ્રયત્ન જાણે કે અજાણે કરે છે. આ સંજોગોમાં પણ સામી વ્યક્તિ સહનશીલતાની હદ વટાવી જાય ત્યાં સુધી સમાધાન કરી લે પરંતુ અંતે આવા સંબંધ પણ

અનુસંધાન પાના નં. ૭ પર

ટ્રેઈન પોતાની રફતારમાં દોડી રહી હતી, શિવાનીને એમ થયું કે પાલનપુર સાથે જોડાયેલ તેની યાદોને મગજમાંથી ઝાટકીને ફેંકી દે અને એક નવા જીવન તરફ જુએ...

નવાં કલેવર
નટવર હેડાઉ

પાલનપુર રેલવે સ્ટેશનથી ટ્રેન ચાલી ત્યારે શિવાની એ એક દુ:ખભરી નજર શહેર પર નાખી અને એક દીર્ઘ, ગુંચવાયેલી પણ સંતોષપ્રદ શ્વાસ લીધો. શહેર સાથે તેનો ચાલીસ વર્ષનો સંબંધ હતો. ચાલીસ વર્ષ પહેલા એ શ્યામની પત્ની બનીને અહીં આવી હતી. સાસરામાં મોટું કુટુંબ હતું. તેના પતિને સરકારી નોકરી હતી. જેની ભરણપોષણ લાયક આવક હતી.

તે શ્યામ સાથે લગ્ન કરવા માંગતી નહોતી. તેને શ્યામને જોયો ન હતો, કે તેને ઓળખથી પણ ન હતી. એક અજાણ્યા વ્યક્તિ સાથે જીવનની બંધનમાં બંધાવું એ તે સમયનું એક એવું સત્ય હતું જેને દરેક છોકરીઓએ સ્વીકારવું પડતું હતું. પણ તેનું મન માનતું ન હતું. બીજી છોકરીઓની જેમ જ એ પણ કદાચ મા-બાપની પસંદગીને સ્વીકારી લઈને રાજીખુશીથી શ્યામ સાથે ફેરા ફરી લેત. જો તેણે પ્રણવને પ્રેમ કર્યો ન હોત તો. પ્રણવ કૉલેજમાં તેની સાથે ભણતો હતો. ચોરી છુપીથી મળી બંને એ એકબીજાના માદક સ્પર્શનો અનુભવ કરેલો અને સાથે જીવન જીવવાનું મન બનાવી લીધેલું. ઘરમાં લગ્નની વાત થઈ ત્યારે તેને ઘણી કોશીશ કરી જોઈ કે બા અને બાપુજીને મનની વાત કરે પણ તે હિંમત કરી શકી નહીં. પિતાએ તેમના એક સંબંધીને વચ્ચે રાખી શ્યામને શોધ્યો હતો. લગ્નનું મુર્હુત જોવાયું. જાન આવી અને તે શ્યામની શ્રીમતી બનીને અહીં આવી ગઈ.

ગાડી એ ઝડપ પકડી શહેરને પાછળ છોડી દીધું પરંતુ. શિવાની હજુ સુધી પાલનપુરની બહાર નીકળી શકી ન હતી. લગ્ન પછી વર્ષો સુધી તેને સંતાન ન હતું. ઘણી બાધા-માનતાઓ અને વૈદ્યો તેમજ ડૉકટરો પાસે ઈલાજ કરાવવા છતાં કંઈ પરિણામ ન મળતાં તેને પોતાના નસીબની વાસ્તવિકતાને સ્વીકારી લીધી. વિતેલ ચાલીસ વર્ષોમાં તેણે અનેક આઘાતો સહન કરવાના આવ્યા. એક અકસ્માતમાં આખું કુટુંબ મરણને શરણ થતાં તે બંનેન જ રહી ગયા.

ત્રણ વર્ષ પહેલાં અચાનક તે એકલી થઈ ગઈ. હૃદયરોગનો હુમલો આવતાં શ્યામ તેને છોડીને ચાલ્યો ગયો. હવે તે નિતાંત એકલી પડી ગઈ.

ટ્રેઈન પોતાની રફતારમાં દોડી રહી હતી. શિવાનીને એમ થયું કે પાલનપુર સાથે જોડાયેલ તેની યાદોને મગજમાંથી ઝાટકીને ફેંકી દે અને એક નવા જીવન તરફ જુએ. જેનો સંકલ્પ કરી તે પાલનપુર ને કાયમ માટે છોડીને જતી રહી હતી. હવે જીવનનાં જે બાકી વર્ષો રહ્યા છે તેને એ ગાંધીનગરમાં રહી વિતાવશે. અને તે પણ પ્રણવ સાથે. જેને ચાહતી હોવા છતાં મેળવી સકી ન હતી. જેને તેણે યાદ કરવો જોઈએ. એ રીતે યાદ પણ કર્યો નહોતો. પરંતુ એ ભૂલી શકી ન હતી.

બનેલું એવું કે ગયા વર્ષે તે એક સંબંધીનું મૃત્યુ થતાં લોકવહેવારે સંવેદના પ્રગટ કરવા અમદાવાદ આવેલી. તેણે સપનામાંય વિચારેલું નહીં કે બીઆરટીએસની જે બસમાં ચડીને નજીકમાં ટુ-સીટરમાં બેઠી તેની બિલકુલ બાજુમાં જ પ્રણવ પહેલેથી જ બેઠેલો છે. વિસ્મય અને સુખદ ભાવોદવેગની એ ક્ષણો હતી. સાધારણ વાતચીતમાં પોતાના સુખ-દુ:ખને વહેંચતા તેની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યા હતા. પ્રણવે કહ્યું, 'ચાલીસ વરસની વાત ચાલીસ મીનીટમાં તું કઈ કરી કહીશ? આવ આગળના સ્ટોપે ઉતળી કયાંક બગીચામાં બેસી નિરાંતે વાતો કરીએ. તેણે કંઈ વિચાર્યા વિના પ્રણવની વાત સ્વીકારી લીધી. બંને આગળના સ્ટોપે બસમાંથી ઉતરી ગયા.

રીવર ફ્રન્ટના બગીચામાં મખલખ જેવા ઘાસ પર બંને કલાકો સુધી બેસી જીવનની ઉતાર ચડાવની વાતો કરતાં રહ્યા. આટલા વર્ષો દરમિયાન સાબરમતીમાં કેટલા પાણી વહી ગયા હતા. પ્રણવે કહ્યું કે પાંચ વર્ષ પહેલાં તેની પત્નીનું મૃત્યુ થયું છે. બે દીકરા છે એ બંને પરણી ગયા છે. એક અમેરિકામાં રહે છે બીજો ઓસ્ટ્રેલિયા છે. બંને જણા ઈચ્છે છે કે હું તેમની સાથે રહી મારું બાકીનું જીવન વિતાવું બંનેને ત્યાં જઈ રહીને બધું જોઈ આવ્યો છું.' દીકરા-વહુ અને તેમના બાળકો બધાં પોતપોતાના કામમાં વ્યસ્ત હોય છે. સાંજે મળે 'હાય પાપા,' બાય પાપા - સિવાય ત્રીજું વાક્ય તેમના મુખે સાંભળવા ન મળતાં હવે ગાંધીનગરમાં જ રહેવું છે. વતનની માટીની સુગંધ મને અહીં ખેંચી લાવી છે.

શિવાની બે દિવસ માટે અમદાવાદ આવી હતી. પરંતુ પ્રણવને કારણે અઠવાડિયું રોકાઈ રહી. લગભગ રોજ તેઓ એક યા બીજા બગીચામાં મળતાં અને બેસીને વાતો કરતાં. વાતોમાં એ દિવસો યાદ કરતાં જયારે ડરતાં ડરતાં અને સંકોચ સાથે થતી મુલાકાતો આલિંગનો અને ચુંબનોમાં પરિણમતી હતી. છૂટા પડતાં પહેલાં પ્રણવે પુછ્યું.

'શિવાની જે થવાનું હતું તે થઈ ગયું. ભૂતકાળને યાદ કરી રડવાનું આપણા નસીબમાં લખાયું છે. કોણ જાણે હવે કેટલા દિવસ જિંદગીના રહ્યા છે. મારું માન તો પાલનપુરનું તારું ઘર વેચી મારી પાસે ગાંધીનગર આવી જા. પતિનું અડધું પેન્શન તને મળે જ છે. મને પણ સારું એવું પેન્શન મળે છે.આપણા બંનેનું ભરણપોષણ આસાનીથી તેમાં થઈ જશે. હવે એ લોકો કે જે જમાનો રહ્યો નથી જે આપણને સાથે રહેવાની પરવાનગી ન આપે.'

શિવાની એકદમ સ્તબ્ધ થઈ ગઈ. કેટલીયેવાર સુધી ચૂપચાપ વિચારતી બેસી રહી. પછી કહ્યું, 'પ્રણવ મને વિચારવાનો સમય આપ. હું તરત નિર્ણય નહીં કરી શકું.'

'ભલે, વિચારી લે, પણ તેમાં વધુ સમય ન લેતી. જેટલો જલ્દી નિર્ણય લે તેટલું સારું. હવે આપણે બંનેની જિંદગીનો કંઈ ભરોસો નથી.'

એજ વખતે શિવાનીને વિચારવાનું શરું કરી દીધું. પાલનપુર પાછા ફરતાં રસ્તામાં પ્રણવના પ્રસ્તાવનો જ વિચાર કરતી રહી. છેવટે તેણે પત્ર લખી પ્રણવને જણાવી દીધું કે તેની વાત સાથે પોતે સંમત છે. છતાં પાલનપુરનું ઘર વેચતાં અને પાલનપુર છોડવાનું સાહસન કરવામાં તેને થોડા મહિના તો લાગશે. હાં તેનું આવવાનું નક્કી છે.

શિવાનીને તે ઘર વેચતાં અને પાલનપુરમાં બીજી લેવડ-દેવડો પતાવતાં છ મહિના લાગી ગયા. ઘર વેચતાં જે રકમ ચેકથી મળી તેની એફડી કરાવી અને રોકડ સાથે લઈ ટ્રેઈનમાં બેસી ગાંધીનગર આવવા નીકળી પડી. તેણે પ્રણવને અગાઉથી પત્ર લખી દીધો હતો.

શિવાનીને વિશ્વાસ હતો કે ગાંધીનગર સ્ટેશને ટ્રેઈનના ડબ્બામાંથી તે નીચે ઉતરશે ત્યારે પ્લેટફોર્મ પર પ્રણવ સામે ઉત્સુકતાથી રાહ જોતો ઊભો હશે.

પ્લેટફોર્મ પર ઊતરી બેચેન નજરે કયાંક સુધી તે પ્રણવને શોધતી રહી. 'એવું બને કે તેને પત્ર મળ્યો ન હોય.' એમ વિચારી તે સ્ટેશન બહારથી રીક્ષામાં બેસી ઘર તરફ ચાલી નીકળી.

સેકટર-૮ના મકાન નં. ૨ ઉપમાં કૉલબેલ દબાવતાં અંદરથી એક આધેડ ઉંમરની સ્ત્રી એ બારણું ખોલ્યું.

'બોલો, કોનું કામ છે?'

'પ્રણવ પંડ્યા છે?'

પેલી સ્ત્રી વિસ્મયથી આગંતુકની તરફ જોઈ રહી. પછી પુછ્યું.

અનુસંધાન પાના નં. ૭ પર

દુનિયામેં કિતના ગમ હૈ, મેરા ગમ કિતના કમ હૈ...!!

Hello ફ્રેન્ડસ
સંજય થોરાત

દિવાળી અને કાશ્મીર ટૂર એ બીનાબેનનું એકદમ પાક્કું પ્લાનિંગ, આ વર્ષેય તેઓ કાશ્મીર ટૂર લઈને જમ્મુ એરપોર્ટ પર ઉતર્યા, ત્યાંથી પહેલેથી બુક કરાવેલી હોટલ જઈને પહોંચ્યા. બીજા દિવસે સવારે શ્રીનગરના દાલ લૅક ફરવા જવાની સૂચના આપીને, બધી વ્યવસ્થા ચેક કરીને બીનાબેન માર્કેટ જવા માટે ટેક્સીમાં બેસવાં જતાં હતાં ત્યાં જોયું તો હોટલના ગેટ પાસે કંઈક ગરબડ છે...

એમણે જઈને જોયું તો હોટેલનો ચોકીદાર એક કાશ્મીરી બેનને ત્યાંથી ભગાડતો હતો. 'કયાં હુઆ?' બહેને પ્રશ્ન કર્યો.

'કુછ નહી મેમસાબ, યહ પાગલ ઔરત બોલ રહી હૈ મુજે અંદર જાના હૈ, પાગલ કહી કી?' ચોકીદારે જવાબ આપ્યો.

પચાસ વર્ષની એક સ્ત્રી, એકદમ ગંદા કપડાં અને આંખમાં કમાલની શાંતિ રાખીને ઊભી હતી.

બીનાબહેન બોલ્યા, 'કયા ચાહીએ આપ કો?'

એણે શાંતિથી જવાબ આપ્યો, 'ખાવિંદ.'

'ખાવિંદ? મતલબ કયા?' બીના બહેને સવાલ કર્યો.

'મેમસાબ, અભી જો શ્રીનગરમેં બાઢ આઈથી ના, ઉસમે ઈસકા પુરા ઘર બેહ ગયા. ઉસકા શૌહર ઔર બેટી ભી પાનીમેં બેહ ગયે. બેટા ફોટોગ્રાફર થા વહ ભી લાપતા હૈ, બેચારી અપની જાન તો બચા પાઈ, પર સબકુછ લૂટ ગયા, અબ પાગલોં કી તરફ અપને શૌહર કો ઢુંઢતે ફિરતી હૈ,' ચોકીદારે આખો કિસ્સો કહી સંભળાવ્યો...

આ સાંભળતા જ બીના બહેનને ધ્રાસકો પડ્યો. ચોકીદારે એના પતિનું નામ મોહમ્મદ શરીફ અને છોકરાનું નામ મુઝ્ફ્ફર સલિમ એવું કહ્યું હતું. સલિમ દાલ લૅક પર ટૂરિસ્ટની ફોટોગ્રાફી કરતો હતો. બીના બહેનને ગયા વર્ષની આખી ઘટના હવે આંખ સામે ફરવા લાગી...

તેઓ ગયા વર્ષે પણ કાશ્મીર ટૂર વખતે આ જ હોટેલમાં રોકાયા હતા. એમનાં એક પ્રવાસીએ કહ્યું કે એમનું એક ઓળખીતું કપલ અહીં આવે છે તો રોકાવાની વ્યવસ્થા કરી આપો. હોટેલ પેક હતી એટલે બીના બહેને એમની પોતાની રૂમ એમને આપી દીધી અને તેઓ બીજા હોટેલમાં રૂમ શોધવા નીકળવાં લાગ્યા...

એટલામાં મેનેજરે એમને રોકાવાનું કીધું અને કોકને બુમ પાડી, 'શરીફ, ઓ શરીફ.' એક માણસ દોડતો જ આવ્યો. મેનેજરે એને કાશ્મીરીમાં કહ્યું, 'શરીફ, તો હી કાયા ચિવ કરાન? (તું શું કરે છે?) એક કામ કરો. મહેમાન કો આજ રાત કે લીયે અપને ઘર લે જાઓ.'

> **માત્ર સુખને શું કરું, બચકાં ભરું? પપ્પી કરું? જોઈએ પીડાય મારે આખરી નિષ્કર્મમાં પાતળી પળની હથેલીઓ વચાળે જીવવું, દિ-મહિના-વર્ષ લઈને કાળના સંસ્પર્શમાં!**

'હમ ઘર નહીં, દૂસરા હોટેલ ચાહીએ.' બીનાબહેને જરા નારાજગી દર્શાવતા કહ્યું. મેનેજરે કહ્યું, 'મેમસાબ, આપ એકબાર ઉસકા ઘર દેખ તો લો, પસંદ નહીં આયા તો કુછ ના કુછ કરેંગે.' 'ઠીક હૈ ચલો.' બીનાબહેન નાઈલાજ હતાં.

શરીફ કાશ્મીરી રૂપાળો પંચાવનની આસપાસનો પણ યુવાન લાગતો માણસ. મહેનત કરીને શરીર સખત થયેલું બીનાબહેન બેગ લઈને ચાલવા લાગ્યા, તો એ આવીને બોલ્યો, 'મેમસાબ, સામાન હમ ઉઠાયેંગે.' એણે બંને બેગ ઉપાડી અને ઝટપટ ચાલવા લાગ્યો. બીનાબહેન અને એમનાં બે આસિસ્ટન્ટ પર સાથે ચાલવા લાગ્યા...

થોડા જ અંતરે એનું ઘર આવી ગયું. મોટું આંગણું, એકદમ હરિયાળી, ઝાંપા ઉપર વેલ અને એના પર મહેંકી રહેલા સફેદ ફુલો, પગદંડીની આજુબાજુ લાલ-પીળા-ગુલાબી ગુલાબ, ક્ષણમાં જ મન પ્રસન્ન થઈ ગયું. ઘરમાં ગયાં તો એકદમ સ્વચ્છતા, સુંદર અને મન પ્રફુલ્લિત થાય એવું વાતાવરણ. ઠેકઠેકામે પેઈન્ટીંગ્સ અને કારીગીરી, શૉ-પીસથી સજેલું ઘર, હોટેલ કરતાં તો કેટલાંય ગણું સુંદર આ ઘર...

બીનાબહેન બોલી ઉઠ્યા, 'ચાચા, આપ કા ઘર તો બહોત હીં ખુબસુરત હૈ!' શરીફ બોલ્યાં, 'મેમસાબ, યે સારા કમાલ તો મેરી જનાના કા હૈ!' અને એમનું વાક્ય પતે ત્યાં સુધી એની સુંદર પત્ની બહાર આવી, કાશ્મીર ખરેખર દરેક રીતે સુંદર છે એની પ્રતીતિ થઈ ગઈ.... એમની પત્નીનું નામ રેશ્મા, સુંદરતા રૂપમાંથી તો ટપકતી જ હતી પણ એમની વાતમાંથી પણ મધ ઝરી રહ્યું હતું...



શરીફ ચાચાને એક છોકરી હતી એ કૉલેજમાં ભણતી હતી. અને દીકરો સલીમ ફોટોગ્રાફર હતો. એમણે એકદમ અંગત સ્નેહી જેવી કાળજી લીધી, કોઈ વાતની કમી પડવા દીધી નહીં. એક રાત માટે આવેલા બીના બહેને બે દિવસ ત્યાં જ રોકાઈ ગયા. નીકળતી વખતે સલીમે બધાંનો ગ્રુપ ફોટો લીધો...

ચાચીએ એક પાર્સલ હાથમાં મુક્યું, 'પશ્મિના હૈ આપકે લીએ.' કાશ્મીરની સૌથી મોંઘી શાલ રેશ્માએ એમને ગિફ્ટ કરી...

બીનાબહેનની આંખોમાં અશ્